નેશનલ ઇન્સ્ટિટ્યૂટ રેન્કિંગ ફ્રેમવર્કમાં

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયનો દેશની ટોપ ૩૦૦ એન્જીન્યરીંગ ક્ષેત્રની સંસ્થાઓમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૧૬

કેન્દ્ર સરકાર ના માનવ સંશાધન વિકાસ મંત્રાલય (MHRD) દ્વારા રાષ્ટ્રીય સ્તરે જુદા જુદા ઉચ્ચ શિક્ષણ વિભાગો માટે વર્ષ ૨૦૧૬ થી રેન્કિંગ આપવામાં આવે છે જેમાંતાજેતર માં તાઃ૧૧/૦૬/૨૦૨૦ ના રોજ જાહેર થયેલ રેન્કિંગ NIRF-2020 માં એન્જીનીયરીંગ ક્ષેત્રમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયે દેશની અગ્રગણ્ય ૩૦૦ સંસ્થાઓ માં સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે ભારત સરકાર ના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા આપવામાં આવતા રેન્કિંગ **NIRF-2020** માં ટીચિંગ લર્નિંગ એન્ડ રીસોર્સીસ અંતર્ગત સ્ટુડન્ટ સ્ટ્રેંથ, ફેકલ્ટી સ્ટુડન્ટ રેશિયો,પી.એચ.ડી થયેલા ફેક્લટી તથા તેમનો ટીચિંગ એક્સપિરિયન્સ,ફાયનાન્સિયલ રીસોર્સીસ એન્ડ યુટીલાઈઝેશન રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ અંતર્ગત રિસર્ચ પબ્લિકેશન્સ, IPR એન્ડ પેટન્ટ્સ,ફૂટપ્રિન્ટ ઓફ પ્રોજેક્ટ્સ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ ગ્રેજ્યુએટ આઉટકમ અંતર્ગત યુનિવર્સીટી એક્ઝામિનેશન આઉટરીચ એન્ડ ઈંકલૂઝીવીટી અંતર્ગત અન્ય રાજ્યો તથા દેશ માં થી કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ,વિદ્યાર્થીનીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની ફેસિલિટી,વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, પર્સેપ્સન રેશિયો , પીઅર પર્સેપ્સન અંતર્ગત એકેડેમિક પીઅર્સ એન્ડ એમ્પ્લોયર્સ નો સમાવેશ થાય છે.આ ઉપરાંત કન્ટિન્યુઈન્ગ એજ્યુકેશન ને અનુલક્ષી ને સંસ્થા ખાતે TEQIP-II તથા TEQIP III નું સફળ ઈમ્પલીમેંટેશન થયેલ છે જેમાં ઈન્ટરનેશનલ કોન્ફરન્સ,સિમ્પોઝિયમ,શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ,એક્સપર્ટ ટોક્સ, ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટ, ટ્વીનીંગ એક્ટિવિટી,સેન્ટર ઓફ એક્સેલેન્સ,નેશનલ લેવલ હેકાથોન નો સમાવેશ થાય છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે નેશનલ બોર્ડ ઓફ એક્રેડિએશન દ્વારા સંસ્થા ના મોટા ભાગ ના કોર્સીસ ને એક્રેડિએશન મળેલ છે તથા ગતવર્ષે જીઈ દ્વારા સંસ્થા ને રાષ્ટ્રીય કક્ષા એ શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ પણ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.

ડૉ.ભાર્ગવ ગોરડિયા(એડવાઈઝર, NIRF BVM) એ જણાવ્યું હતું કે NIRF-2020 દ્વારા તાજેતર માં જાહેર થયેલા રેન્કિંગ ફ્રેમવર્ક પ્રમાણે બીવીએમ એન્જીનીયરીંગ કોલેજે રાષ્ટ્રકક્ષા એ અગ્રગણ્ય ૩૦૦ સંસ્થાઓ માં સ્થાન પ્રાપ્ત કર્યું છે જે સંસ્થા માટે ગૌરવપૂર્ણ બાબત છે.સંસ્થા ની આ સિદ્ધિ બદલ સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે ડૉ.ઝંખના શાહ (નોડલ ઓફિસર, NIRF BVM),ડૉ.ભાર્ગવ ગોરડિયા (એડવાઈઝર, NIRF BVM) ,પ્રો.વિમલેશ અગ્રવાલ,દરેક વિભાગીય વડાઓ,શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ નો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ ના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા

# ‘ચાલો, જીવનને ‘રિસ્ટાર્ટ’ કરીયે’ વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન

‘રિસ્ટાર્ટ’ એટ્લે રી-ડિઝાઈન, રી-ઓર્ગનાઈજ, રી-એનેર્જાઈજ, રી-ઈન્વેન્ટ, રી-લર્નિંગ, રી-એડજસ્ટમેંટ સાથે જીવની નવીન શરૂઆત કરવી




ગાંધીનગર, તા. ૧૬

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ‘ચાલો, જીવનને “રિસ્ટાર્ટ” કરીયે’ વિષય સાથે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત રાજ્યના જાણીતા રિટાયર્ડ આઈ.એ.એસ.અધિકારી, કવિશ્રી, લેખક શ્રી ભાગ્યેશ જહા સાહેબે બાળપણ થી લઈ રિટાયર્ડ થયા સુધીના વ્યક્તિગત, સમાજિક, વ્યવસાયિક અને અધ્યાત્મિક અનુભવો અને ભગવદ ગીતા ને ટાકિ બદલતા સમય માટેનું જીવનની નવી શરૂઆત માટેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વેબિનારની શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખશ્રી, ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરી, ઉદેશ્ય અને પ્રસ્તાવિક જણાવી હતી. મહામારીના સ્મયમાં જ્યારે લોકો લોકડાઉન પૂર્ણ કરી ઉનલોક -૧ તરફ આગળ વધી જીવની શરૂઆત કરી રહ્યા છીયે તે સંદર્ભે વાત કરતાં શ્રી ભાગ્યેશ જહા સાહેબે જણાવ્યુ હતું કે મહામારીના કારણે જીવન અનેક રીતે થંભી ગયું છે ત્યારે જીવન જુદી રીતે સ્ટાર્ટ કરવું જ્યાં રિસ્ટાર્ટ એટ્લે કશુક નવેસર થી શરૂ કરવું જેમાં સ્વ સાથેના સંબધ, મિત્રો, સગાસંબધી સાથે સંબધ અને પર્યાવરણ, પ્રકૃતિ સાથેના સંબધને વધુ મજબૂત કરવા આહ્વાન કર્યું હતું અને જીવનને હળવા થઈ, ખુશીપૂર્વક જીવન જીવવા માટેનું જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આમ ગીતાના ઉદાહરણ ટાકિ “રિસ્ટાર્ટ” એટ્લે રી-ડિજાઈન, રી-ઓર્ગનાઈજ, રી-એનેર્જાઈજ, રી-ઈન્વેન્ટ, રી-લર્નિંગ, રી-એડજસ્ટમેંટ સાથે જીવની નવીન શરૂઆતનો માર્ગ બતાવ્યો હતો.

સમગ્ર સેશનના આયોજન અને સંચાલન રોટરી વતી ડો. ધર્મેન્દ્ર પટેલ અને રાહુલ મેહતા દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં રોટે.આશાબેન સરવૈયા, રોટે. કમલ જૈન, રોટે. કેતન મેહતા, રોટે. જશવંત ગાંધી, રોટે. જોય બક્ષી, રોટે. ડો. આલોક ગુપ્તા, રોટે. ડો . જગદિશ પટેલ અને આની રોટેરિયન સભ્યો, પરિવારજનોએ અને આમત્રિત મહેમાનો જોડાઈને ઓનલાઈન સેશનનો લાભ લીધો હતો.

## એસ વી સ્કૂલમાં ‘મેંગો ડે’ની ઉજવણી થઈ



ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ વી ઈંગ્લીશ મિડિયમ પ્રી-સ્કૂલમાં ઓનલાઈન મેંગો ડે ની ઊજવણી કરવામાં આવી હતી. બાળકો કાચી અને પાકી મેંગો લઈને ઉત્સાહભેર આ ઉજવણીમાં જોડાયા હતા. શિક્ષિકાઓએ બાળકોને મેંગો વિષે માહિતી આપી હતી. તેના ફાયદાઓ સમજાવી, મેંગો ખાવા વિષે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે, બાળકોને હળદરની પેસ્ટમાં આંગળી બોળી, મેંગોના પિકચર ઉપર ફિંગર પ્રિન્ટિંગ કરાવી, ઝાડના અસરી પાંદડા ચોટાડીને ક્રાફટ એક્ટિવીટી પણ કરાવી હતી, જે બાળકોને ખૂબ જ ઉત્સાહથી કરી હતી. વાલીઓએ પણ આ ઉજવણીમાં પોતાનો સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.



ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામ નું એક એવુ વ્યક્તિત્વ જેનુ નામ દિલીપભાઈ પટેલ (શિવરામ) જેઓ સેક્ટર ૧૭ ખાતે આવેલ ડો. ઠેકડી સાહેબ ના ત્યાં ડ્રાઈવર માં પોતાની ફરજ બજાવે છે. જેની સાથે સાથે છેલ્લાં ૪ વર્ષ થી કોલવડા ગામ માં આવેલ સ્મશાનગૃહમાં દરરોજ સવાર ના ૭ વાગ્યા થી ૯ વાગ્યા સુધી ત્યાં નિસ્વાર્થ ભાવે સાફ સફાઈ, પક્ષીઓને દાણ, તથા સ્મશાનની જાળવણી કરતાં આવ્યા છે. આ કાર્ય થી પ્રેરાઈ કોલવડા ગામ ના પાટીદાર યુવક મિત્ર મંડળ ના યુવાનો અને દિનેશભાઈ પટેલ દ્વારા સ્મશાન માં સાફ સફાઈ અને કલર કામ ની સેવા અર્પણ કરવામાં આવી છે. સ્વતંત્રતા આંદોલનમાં બાપુ ની પાછળ ચાલવાનો અવસર ભલે આપણને ના મળ્યો હોય પરંતુ તેઓના ચિંધેલા માર્ગે ચાલવું એ આપણુ કર્તવ્ય છે. આપણી નાની નાની શક્તિઓ દેશના મહા સંકલનો નું સમર્થન બને છે. આપણા વિચારોમાં દેશ હોય, દેશ હિત હોય એજ આપણને અનંતકાળ સુધી દિશા નિર્દેશ કરે છે. ત્યારે આ કોરોનાના કહેર માં ઘરે બેસીને આવા સુંદર વિચારસરણી વાળા કોલવડા ગામના દિલીપભાઈ પટેલ (શિવરામ) અને પાટીદાર યુવક મિત્ર મંડળના દરેક સભ્યો બીજા માટે પ્રેરણારૂપ બન્યા છે.

## શ્રી પ્રતાપસિંહજી હિન્દી ઉચ્ચતર વિદ્યાલય, સેક્ટર-૩૦, ગાંધીનગરનું સામાન્ય પ્રવાહનું ૯૧.૧૧% પરિણામ

ગાંધીનગર, તા. ૧૬

આજ રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ-૨૦૨૦નું પરિણામ જાહેર કરવામાં આવેલ. જેમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી પ્રતાપસિંહજી હિન્દી ઉચ્ચતર વિદ્યાલય, સેક્ટર-૩૦, ગાંધીનગરના કુલ ૪૫ વિદ્યાર્થીઓમાંથી ૪૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ, આમ કુલ ૯૧.૧૧% પરિણામ આવેલ છે. સુંદર પરિણામ બદલ સંચાલકો તેમજ શાળા પરિવારના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવેલ છે. વિદ્યાર્થીઓ દ્વારા પણ શાળા પરિવારનો આભાર માનતા જણાવેલ કે સંસ્થા દ્વારા પ્રતિવર્ષ સુંદર અભ્યાસ કરાવવામાં આવતો હોવાથી સુંદર પરિણામ પ્રાપ્ત થયેલ છે.




### રક્તદાતાઓનું સન્માન

ઈન્દુમતી ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ના રક્તદાતાઓનું સન્માન કરાયું. રવિવાર ૧૪ જૂન વિશ્વ રકતદાતા દિવસના ઉપક્રમે ગાંધીનગર શહેરમાં ૧૦૦ થી વધુ વખત રક્તદાન કરનાર રવિન્દ્ર ભાઈ દવે, નીલેંદું વોરા, સુકેત્તુ મહેતા, અરુણ પટેલ, શશીકાંત મોઢા, અને ઉલ્લાસ વોરાનું ‘ઈંદુમતી ફાઉન્ડેશન’ દ્વારા સર્સિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના પ્રથમ રાષ્ટ્રપતિ એવર્ડથી સન્માનિત શિક્ષિકા ઈંદુમતી નિમાવતની પ્રથમ માસિક પુણ્યતિથિ એ તેમની યાદમાં ઈંદુમતી ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી છે.

## ચિલોડા કોરોના વોરિયર્સની પ્રશંસનીય કામગીરી

ચિલોડા,તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન કોરોના વાયરસ કોવિડ-૧૯ અને લોકડાઉન - અનલોકની પરિસ્થિતિમાં લાંબા સમયથી ચિલોડા સર્કલે નિઃસહાય ભિક્ષુક - મંદબુદ્ધિના પુરુષ તથા મહિલાઓ દયનીય સ્થિતિમાં આશ્રયસ્થાન બન્યું છે. ત્યારે ચિલોડા સ્થિત દહેગામ રોડ પર આવેલ મુરલીધર જવેલર્સના મેનેજર તરીકે સેવા બજાવતા એવા કોરોના વોરિયર્સ અને સાચા કર્મયોગી તરીકે સુરભા ઠાકોર હરહંમેશ નિઃસહાય ગરીબ પરિવારો પ્રત્યે સેવાકીય પ્રવૃત્તિ કરવામાં પણ ઉત્સુકતા અને ઉદારતા સાથે દિલસ્પર્શી કાર્યો કરવામાં સંવેદનશીલતાપૂર્વક અગ્રિમતા ધરાવે છે.



ત્યારે ચિલોડા કોમ્પલેક્ષ તેજસ ક્લીનીકની લોખંડની સીડીમાં વરસાદથી ભીંજાયેલા ભૂખ્યા તરસ્યા, નિર્વસ્ત્ર એવી નિરાધાર નિઃસહાય,વંચિત, તરછોડાયેલ આશરે ૭૫ વર્ષથી વધુ વય ધરાવતી સુકલકડી કાયા ધરાવતી ભિક્ષુક મહિલા પોતાની કાર પાર્ક કરેલી જગ્યાએ નજરે પડયાં સુરભા ઠોકારે તુરત જ ભિક્ષુક મહિલા પાસે પહોંચી પ્રથમ નજરે સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આવતાં પૂછપરછ કરી ત્યારે મહિલાએ હિન્દી ભાષામાં ચા પીવાની ઈચ્છા વ્યક્ત કરી પણ નિર્વસ્ત્ર મહિલા જોતા સુરભા ઠાકોરે મહિલા માટે કોમ્પલેક્ષમાં ટેલરની દુકાનાં પહોંચી મહિલા માટે ચણિયો, સાડલો અને બ્લાઉઝ લાવી નમ્રપણે મહિલાને આપતાં તુરત જ પ્રેમપૂર્વક સ્વિકાર કર્યો હતો. ત્યારબાદ ભૂખ્યા તરસ્યા મહિલાને ભરપેટ ભોજન પીરસ્યું હતું. હેલ્પીંગ હેન્ડ આર ઓલ્વેજ ટ્રેલર મુજબ સુરભા ઠાકોરેએ અદ્ભૂત પ્રેરણાદાયી પ્રસંશનીય કાર્યનું બીડું ઝડપી સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડતાં મિત્રમંડળ તરફથી તેમના સેવાયજ્ઞ કાર્યને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અભિવ્યક્તિનો આગવો અંદાઝ અને મિજાજની ગઝલો




જે ગઝલકારની ગઝલોમાં કવિ રમેશ પારેખના વતનની માટીની મહેંક, મનોજ ખંડેરિયાની ગઝલ સાધના અને કવિ નરસિંહ મહેતાની ભક્તિનાં પદોનો ત્રિવેણી સંગમ રચાયો છે. તે પોતાની કૅફિયત આપતાં એમ લગે છે કે, ‘ગઝલ સર્જનના અનેક પડાવો આવ્યા છે. કયારેક ધોધમાર લખાયું છે તો કયારેક એક શબ્દ માટે તરસી જવું પડ્યું છે. કયારેક ગઝલ લખાયા પછી રોમ રોમ રોમાંચથી હર્ષના આંસુ સરી પડ્યા છે. તો કયારેક રુંવે રુંવે કાળઝાળ અગ્નિ વ્યાપી જાય એવી પીડાસ્સાથે ધોધમાર રડાયું છે. જીવનમાં આવેલ ચડઉતરથી ભીતર ભરાયેલા ડૂમો ગઝલવાટે કાગળ પર અવતર્યો છે. ગઝલે મને માંની જેમ હૂંફ આપી છે. પ્રેમિકાની જેમ ચુંબન કર્યું છે, બહેનની જેમ વ્હાલ કર્યું છે. તેમજ ગઝલની શેર મને ભાઈ અને પિતાની જેમ કપરી પરિસ્થિતિમાં હિમંત પણ આપતા રહ્યા છે. ધારેલા ઘણાંય આાતો જીનનમાં આવ્યા છે. આ આઘાતો વચ્ચે જો હું ટકી શક્યો હોઉં તો એનું કારણ આ ગઝલ છે. ગઝલ પ્રત્યેની આવી નિષ્ઠા વાળા ગઝલકારના ગઝલ સંગ્રહની વાત કરવી છે. જે તમને જરૂરથી ગમશે.’



**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

vanvihari@gmail.com

‘હાથ સળગે છે હજી’ કવિ, ગઝલકાર પીયૂષ ચાવડાનો પ્રથમ ગઝલ સંગ્રહ છે. જેમાં માળાના ૧૦૮ મણકાની જેમ ૧૦૮ ગઝલો મળે છે. ગૌરાંગ ઠાકર તેને ગુજરાતી ગઝલોમાં ઉઘડતો સશક્ત અવાજ કહી આવકારે છે. તો સંજુવાળાને પીયૂષની ગઝલોમાં કવિતાની ધગશ અને ખેવના તેમજ પરંપરાની ગઝલ અને નવીન કવિતાના ઉમળકા વર્તાય છે. કવિ મનોહર ત્રિવેદી તેમને સમકાલીનોમાં પોતીકા મુદ્રા ધરાવતા સર્જક તરીકે બિરદાવે છે.જેના પરથી સંગ્રહનું શિર્ષક મળે છે તે શેરની બહુ જ સહજ અભિવ્યક્તિ જૂઓ.

ભીતરે નરસિંહ ને ખંડેરિયા ધબક્યા કરે,

કયાં ઠરે છે ! આજ પણ આ હાથ સળગે છે હજી.

તેમના ગઝલ સંગ્રહમાંથી પસાર થતાં એમ લાગે છે કે તેમની ગઝલોમાં નવી અભિવ્યક્તિ અને આધુનિકતાનો રંગ તાજીનો સૂમેળ સાધી આપે છે, અને તે દ્વારા આ ગઝલોમાં અનુભૂતિના ભાવ, વિશ્વ અને અભિવ્યક્તિની આગવી તરાહ પ્રગટે છે. આ ગઝલોમાં આપણને સામાજિક, આધ્યાત્મિક, પ્રણયમિજાજ, સ્વચિંતનની વિષયાનુભૂતિ સાથે છંદ સૌંદર્ય, રૂપક, મિજાજ, શબ્દ યોજન, કલ્પન - પ્રતિક અને શેરિયત જેવાં ગઝલ લક્ષણ વડે સ્વથી ‘સર્વસ્વ’ તરફ પ્રયાણ કરતા માનવ સંબંધોમાં જોવા મળતી કુટિલતા, હતાશા અને પીડાનું આલેખન મળે છે. તેઓ ભીંતરની ભાવસૃષ્ટિને મૂર્તરુપ આપવાના નવાં રૂપકો, પ્રતિકો-કલ્પનો યોજે છે. કવિ પીયૂશ ચાવડાની કવિતામાં ભીંતરની અકળામણ ઘૂંટાઈને ગઝળનું પોત સર્જે છે. તેમની ગઝલના મને ગમતા થોડા શૅર જોઈએ તમને પણ તે ગમી જશે.

શ્વાસ ના મણકા ફરે છે, હર ઘડી છે જાપ તારા,

હું કદી ગણતો નથી કંઈ એકસોને આઠ માળા.

●●●

ફૂલ છે તું, હોઠ તુજ નાજૂક કળી છે, એટલે તો,

હોઠ પર બેસીને મીઠું રોજ મલકાતી એ ઝાકળ.

●●●

મંદિરોને મસ્જિદોમાં દાન દેવા જાય છે,

માનવીને કોઈ બિક્ષુક બ્હાર કયાં દેખાય છે.

●●●

હા, કસબ તસવીર લેવાનો કવિમાં છે અજબ,

જે કદી દેખાય નહિ, એ ક્ષણના ફોટા પાડતા.

‘હાથ સળગે છે હજી’ ગઝલ સંગ્રહના કવિ પીયૂષ ચાવડા સૌરાષ્ટ્રના લીલીયા ગામના વતની છે અને હાલમાં પાટણ ખાતે પી.કે. કોટવાલ આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે ફરજ બજાવે છે. ગુજરાતના નામાંકિત સાહિત્ય સામયિકોમાં તેમની રચનાઓ પ્રગટ થતી રહે છે. મુશાયરાઓમાં પણ તેમનો આગવો અંદાજ અને મિજાજ શ્રોતાઓને મુગ્ધ કરે છે. તેના આ ગઝલ સંગ્રહને આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

**હાથ સળગે છે હજી (ગઝલ સંગ્રહ)**
**લેખક - કવિ પીયૂષ ચાવડા**
**પ્રકાશક - આસ્થા પબ્લિકેશન રાજકોટ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૮**
**કિંમત રૂા. ૧૧૦/-**

**ડાયરેક્ટ ❤ સે**

ખાઈમાં પડેલો માનવી બચી શકે છે...
પરંતુ
અદેખાઈમાં પડેલો માનવી કયારેય ઉપર આવી શકતો નથી...

## જન્મદિને વધામણી




ઝેડ. એમ. પટેલ
મો. ૯૯૭૮૪ ૦૬૪૭૭



મીનાબેન ભૂપેન્દ્રકુમાર શાહ



ચંદ્રિકા ખટવાણી



સોનલ હિતેન્દ્ર પુરોહિત



દિવ્યમ ગૌતમભાઈ પ્રજાપતિ
મો. ૯૯૦૪૩ ૫૪૪૫૧



પૂજન મોદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**